# CT સ્કેન લેવા

# Having a CT Scan

## ડિપાર્ટમેન્ટ ઓફ રેડિઓલજિ

દર્દીઓ માટે માહિતી

તૈયાર કરેલ: જુલાઈ 2021
સમીક્ષા કે જુલાઈ 2024
પત્રિકા નંબર: 5 વૃત્તાંત: 7

**જો તમે કોઈ એક હોસ્પિટલ બહારના કે આઉટપેશન્ટ દરદી હો તો કૃપા કરી તમારા એપોઈન્ટમેન્ટ કાગળને સંભાળપૂર્વક વાંચી તપાસ કરોતમારી એપોઈન્ટમેન્ટ માટે તમારે અવશ્ય જવુ**

## CT સ્કેન (scan) એ શું છે?

કોઈ એક CT (કમ્પ્યૂટેડ ટોમોગ્રાફી) સ્કેન એ એકસ (X) - રે (ray) તપાસ છે કે જે ઘણી વધારે માહિતી માહિતી અને સામાન્ય એકસ (X) - રે કરતાં આપે છે. તે તમારી ઈન્દ્રિયો અને રકત વાહિની કે નસના ચિત્રો તૈયાર (બ્લડ વેસલ્સ) વિગતવાર કરે છે.

## તમારા CT સ્કેન માટે કેવી રીતે તૈયાર થવું

- એ ખૂબજ મહત્વનું છે હોય છે કે તમારા એપોઈન્ટમેન્ટના કાગળમાં આપેલ તૈયાર થવાની સૂચનાઓ તમે અનુસરો.
- જો તમે કોઈ પણ દવા લેતા હોય તો, તમારા ડોકટર સાથે વાતચીત કર્યા વગર તે કરશો
- તમે જે કોઈ પણ સ્પ્રેસ, ઈનહેલર્સ અથવા એનજાઈના માટે ગોળીઓ લેતા હો તો કૃપા કરી તમારી સાથે લાવો.
- જો તમનેડાયબીટિઝ હોય તો કૃપા કરી તમારા એપોઈન્ટમેન્ટ કાગળમાં ખાવાની અને પીવાની સૂચનાઓ વિષે તમારા સામાન્ય ડાયબીટિઝ કેર પ્રોવાઈડર સાથે વાતચીત કરો. જો તમને ડાયબીટિઝ હોય તો તમારા તમારા આ સાથે CT સ્કેનરના સ્ટાફને કૃપા કરી જણાવો.
- જો એવી કોઈ શકયતા હોય કે તમે કદાચ સગર્ભાવસ્થામાં હો તો, કૃપા કરી રેડિઓલજિ ડિપાર્ટમેન્ટનો તાત્કાલિક સંપર્ક કરો. તમારી એપોઇન્ટમેન્ટને ફરીથી નકકી કરવાની કદાચ જરૂર રહે. આવુ કરવામાં નિષ્ફળ જવાથી તમારી તપાસ કરવાનું કદાચ મોકૂફ રાખવામાં પરિણામી

## મહત્વની સલામતી માટેની માહિતી

તમને કદાચ કોન્ટ્રાસ્ટ લિક્વિડનું ઇંજેક્શન તમારા હાથની (કોઈ એક રંગ વગરનું પ્રવાહી કે જે (X) - રેઝ (rays) અને CT સ્કેન્સમાં જોઈ શકાય તેવુ) આપવામાં આવી શકે. આવા કોન્ટ્રાસ્ટ પ્રવાહીમાં આયડીન હોય છે અને તમારા કિડનિઝ દ્વારા ક્લિઅર થાય છે અથવા જો તમે ડાયલિસિસ ઉપર હો તો તમારા રૂટીન ડાયલિસિસ વખતે.



વિ- આ પત્રિકાનો ઉપયોગ ક્રિએટિવ કૉમન્સ લાઈસન્સ દ્વારા મર્યાદિત છે

cc BY NC ND

**તમે જ્યારે આવો ત્યારે કૃપા કરી CT સ્ટાફને જણાવો જો:**

- **તમને આયડીન અથવા રબરની (લેટેકસ) એલર્જિક હોય**, કોઈપણ બીજી એલર્જિસ અથવા એસ્મા હોય તો.
- **તમને અગાઉ ઈન્ટ્રવીનસ કોન્ટ્રાસ્ટ લિક્વિડ પ્રતિક્રિયા થઈ હોય**, કે જે ડાઈનો ઉપયોગ મૂત્રપિંડના એકસ- રેઝ અને CT સ્કેનીંગ અને તમારા હ્યદયના એકસ- રેઝ અને રકતવાહિનીઓ માટે કરવામાં આવતો હોય.
- **તમે રીનલ કે મૂત્રપિડના ડાયલિસિસ ઉપર છો અથવા તમારી કિડનિઝ સાથે કોઈ પણ સમસ્યાઓ હોય**.
- **તમને ડાયબીટિઝ છે.**
- **કોઈ પણ એવી શકયતા છે કે તમે સગર્ભાવસ્થામાં હોઈ શકો.**

**CT સ્કેન દરમિયાન શું થાય છે?**

ટમિ કે પેટના (ઉદરના ભાગના) સ્કેન્સ માટે તમને સ્કેન કરતા પહેલાં 1 લીટર સુધી પ્રવાહી પીવાનું કહેવામાં આવી શકે. આ કદાચ 1 કલાકનો સમય લઈ શકે. આવુ પ્રવાહી વધારે વિગતવાર ચિત્રો આપવામાં મદદરૂપ બની શકે.

તમને હોસ્પિટલના ગાઉનમાં બદલવાનું કહેવામાં આવી શકે. તમને સ્કેન રૂમમાં લઈ જવામાં આવશે અને તમને રહેલ કોઈ પણ પ્રશ્નો તમે પૂછી શકો.

તમને સ્કેનના ટેબલ ઉપર સ્થિર સૂવાનું અને તમારો શ્વાસોચ્છશ્વાસ કેટલીય વખત પકડી રાખવાનો આવી તપાસ કે પરીક્ષણ દરમિયાન કહેવામાં આવી શકે. આવુ કયારે કરવાનું તે તમને રેડિઓગ્રાફર ઈન્ટરકોમ ઉપર જણાવશે.

જો તમને સપાટ રીતે સૂવામાં અથવા ટૂંકા સમય માટે (20 સેકન્ડો સુધી) તમારો શ્વાસ પકડી રાખવામાં મુશ્કેલીઓ જણાય તો તમારા આવવાની સાથે કૃપા કરી સ્ટાફને જણાવશો.

તમારા હાથની રકતવાહિનીમાં આવુ કોન્ટ્રાસ્ટ લિક્વિડ ઇંજેક્શન આપવાની કદાચ જરૂર રહે જેથી કરીને તમારી લોહી લઈ જનારી નસોમાં તે જોઈ શકાય. તમારા સ્કેન પહેલાં નિરીક્ષણ રાખનાર રેડિઓલજિ ડોકટર (રેડિઓલજિસ્ટ) આનો નિર્ણય કરી અને તમને પૂરેપૂરું જણાવશે. જ્યારે ઇંજેક્શન આપવામાં આવે ત્યારે થોડાક દરદીઓને શરીરમાં ગરમી અને ધાતુના જેવા સ્વાદની સંવેદના થઈ શકે અને કયારેક કદાચ મોળ (સિક) આવી શકે. જો તમને આવી સંવેદનાઓ થાય તો તે સામાન્યરીતે 1 મિનિટ સુધીની હશે.

તમે રેડિઓલજિ ડિપાર્ટમેન્ટમાં કુલ્લે 90 મિનિટો માટે સુધી હોઈ શકો. CT સ્કેન 10 અને 30 મિનિટો વચ્ચેનો હોઈ શકે. દરેક દર્દી માટે સમય જુદો હશે.

**આવી તપાસ કોણ કરશે?**

રેડિઓગ્રાફર આવી તપાસ કરશે. CT સ્કેનના વિશેષજ્ઞ ડોકટર અને રેડિઓલજિ મદદનીશ દ્વારા તેઓને કદાચ મદદ કરી શકે. અમે કોઈ એક શૈક્ષણિક હોસ્પિટલ હોવાથી, કોઈ એક વિદ્યાર્થી પણ હાજર હોઈ શકે. જો તમારી ઈચ્છા હોય તો તમારી તપાસ દરમિયાન વિદ્યાર્થી હાજર ન રહે તેવુ તમે કહી શકો.

**તપાસ પછી શું થશે?**

જો તમને આવુ કોન્ટ્રાસ્ટ લિક્વિડનું ઇંજેક્શન આપવામાં આવે તો તમારા સ્કેન પછી તમે ઘરે જઈ શકો તે પહેલાં (15 થી 30 મિનિટોના) ટૂંકા સમય માટે રેડિઓલજિ ડિપાર્ટમેન્ટમાં તમારે રહેવાની જરૂર રહે. ત્યારબાદ તમે નોકરીએ/સામાન્ય દૈનિક જીવન માટે પાછા જવા મુકત હશો. તપાસ પછી તમે ખાવા અને પીવા માટે કઈંક લઈ શકો.

## શું કોઈ જોખમો- ભય હોય છે?

**આવા કોન્ટ્રાસ્ટ પ્રવાહીની પ્રતિક્રિયા** - થોડાક દરદીઓ કદાચ આવા કોન્ટ્રાસ્ટ લિક્વિડ માટે એલર્જિક બની શકે. જો તમને આવા લક્ષણો ઘરે જણાય, જેમકે ફોલ્લીઓ, તો તમારે તમારા જીપીનો સંપર્ક કરવો અથવા 111 ને ફોન કરો.

**રેડિએશનમાંથી થતાં જોખમોની શકયતા** - એકસ- રેઝ લેવાથી મહત્વના જોખમ ભવિષ્યમાં કેન્સર થવાના ભયમાં વધારો કરી શકે છે. આવો જોખમ- ભય ખૂબજ થોડોક હોય છે. આપણે બધા આપણા જીવનમાં દરરોજ આવા કુદરતી અનુભવવાળા રેડિએશન માટે ખુલ્લા રહીએ છીએ. આ સૂર્ય, આપણા લેવામાં આવતા ખોરાક, અને જમીનમાંથી આવતા હોય છે. આવા કુદરતી અનુભવવાળા રેડિએશનની ઉપર દરેક તપાસ કોઈ ડોસ કે માત્રા આપે છે. રેડિએશનના જોખમો જન્મેલ ન હોય તેવા બાળકો માટે થોડોક વધારે હોય છે તેથી અમારે અવશ્ય 10 થી 55 વર્ષના અમુક દરદીઓને તેઓના માસિક અને સગર્ભાવસ્થાની શકયતા વિષે પૂછવાનું રહે છે. CT સ્કેન દરમિયાન એકસ- રેઝમાંથી મળતા રેડિએશન એ 5 વર્ષો સુધીના કુદરતી અનુભવવાળા રેડિએશનના સમાનાર્થ હોય છે. આવી તપાસના ફાયદાઓ કોઈ પણ સંભવનીય જોખમ કરતાં વધારે હોવાની સંભાવના હોય છે અને આવી તપાસ નહિ કરવાના જોખમ કદાચ વધારે હોઈ શકે. તમને મળતા એકસ- રેઝનું પ્રમાણ અલ્પતમ રાખવા અમે બધીજ સલામતીઓ લઈશું.

## મને પરિણામો કેવી રીતે મળશે?

તમને તાત્કાલિક પરિણામો આપવામાં આવશે નહિ. તમારા CT સ્કેનના ચિત્રોની તપાસ રેડિઓલજિસ્ટ દ્વારા કરી અને પરિણામો ડોકટરને મોકલવામાં આવશે કે જેઓએ આવી તપાસ માટે તમારો ઉલ્લેખ કર્યો હોય. તમારી તપાસ પછી કેવી રીતે તમારા પરિણામો મેળવવા તેનો ખુલાસો તમને કરવામાં આવશે.

## શું કોઈ પ્રશ્નો છે?

જો તમને કોઈ પણ પ્રશ્નો અથવા ફિકર- ચિંતા હોય તો કૃપા કરી રેડિઓલજિ ડિપાર્ટમેન્ટને 0116 258 8765 ઉપર ફોન કરી અને વિકલ્પ 3 ની પસંદગી કરશો. સોમવારથી શુક્રવાર સવારના 9 થી સાંજના 5.

Previous reference: IMA002-1116 / IMA105-0716

اگر آپ کو یہ معلومات کسی اور زبان میں درکار ہیں، تو براہ کرم مندرجہ ذیل نمبر پر ٹیلی فون کریں۔
على هذه المعلومات بلغةٍ أخرى، الرجاء الاتصال على رقم الهاتف الذي يظهر في الأسفل
જો તમને અન્ય ભાષામાં આ માહિતી જોઈતી હોય, તો નીચે આપેલ નંબર પર કૃપા કરી ટેલિફોન કરો
ਜੇ ਤੁਸੀਂ ਇਹ ਜਾਣਕਾਰੀ ਕਿਸੇ ਹੋਰ ਭਾਸ਼ਾ ਵਿਚ ਚਾਹੁੰਦੇ ਹੋ, ਤਾਂ ਕਿਰਪਾ ਕਰਕੇ ਹੇਠਾਂ ਦਿੱਤੇ ਗਏ ਨੰਬਰ 'ਤੇ ਟੈਲੀਫੋਨ ਕਰੋ।
Aby uzyskać informacje w innym języku, proszę zadzwonić pod podany niżej numer telefonu

If you would like this information in another language or format such as EasyRead or Braille, please telephone 0116 250 2959 or email equality@uhl-tr.nhs.uk

LEICESTER'S RESEARCH

Leicester's Hospitals is a research active trust so you may find research happening on your ward or in your clinic. To find out about the benefits of research and become involved yourself, speak to your clinician or nurse, call 0116 258 8351 or visit www.leicestersresearch.nhs.uk/patient-and-public-involvement